# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1) સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનાં પ્રથમ દિવસની કાર્યવાહીનો પ્રારંભ.

2) છત્તીસગઢના ભૂતપુર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલ અને તેમનાં પરિવારજનોને ત્યાં ઇડીનું શોધ અભિયાન.

3) વનુઆતુએ ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPLના ભૂતપૂર્વ વડા લલિત મોદીને જારી કરેલો વનુઆતુ પાસપોર્ટ રદ કરવાનો આદેશ આપ્યો.

4) હવામાન વિભાગે આગામી બે દિવસ કોંકણ, ગોવા અને ગુજરાતમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી વ્યક્ત કરી.

5) મહિલા પ્રીમિયર લીગ-WPL ક્રિકેટમાં મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે ટક્કર.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# BUDGET SESSION

આજે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો પ્રારંભ થયો હતો. વિરોધ પક્ષોનાં સભ્યો દ્વારા શોરબકોરને પગલે લોકસભાની કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત રહ્યા બાદ તે પુનઃ શરૂ થઈ હતી, જ્યારે રાજ્યસભામાં પ્રશ્નકાળ ચાલી રહ્યો છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મણિપુરનું બજેટ રજૂ કરશે. ગયા મહિને મુખ્યમંત્રી એન. બિરેન સિંહના રાજીનામા બાદથી આ મણિપુર રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે. ચાર એપ્રિલ સુધી ચાલનારા આ તબક્કામાં 20 બેઠકો હશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, સત્ર દરમિયાન, વર્ષ 2025-26 માટે ગ્રાન્ટની માંગણીઓ અને સંબંધિત વિનિયોગ બિલ, બેંકિંગ કાયદા (સુધારા) બિલ, કોસ્ટલ શિપિંગ બિલ 2024, ઇમિગ્રેશન અને ફોરેનર્સ બિલ 2025 અને રેલ્વે (સુધારા) બિલ સહિતનાં ખરડાઓ ચર્ચા હાથ ધરીને પસાર કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# ED-CHHATTISGARH

પ્રવર્તન નિદેશાલય- EDએ છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં શરાબ કૌભાંડનાં સંદર્ભમાં 14 સ્થળોએ શોધ અભિયાન હાથ ધર્યું છે. મની લોન્ડરિંગ એક્ટ, 2002 હેઠળ ભૂતપુર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્ર બઘેલ, તેમનાં પુત્ર અને સહયોગીઓનાં નિવાસસ્થાને શોધખોળ ચાલુ છે.

ઇડીને માહિતી મળી કે, ભૂતપુર્વ મુખ્યમંત્રીના પુત્રને પણ શરાબ કૌભાંડમાંથી થયેલી આવકનો ભાગ મળ્યો હતો. આ કૌભાંડ વિવિધ યોજનાઓમાંથી બે હજાર કરોડ રૂપિયાથી વધુનાં ગુનામાંથી થયેલી આવક સાથે સંડોવાયેલું છે.

. . . . . . . . . . . . . . . .

# PRESIDENT-HARYANA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી હરિયાણા, ચંદીગઢ અને પંજાબની ત્રણ દિવસની મુલાકાતે રવાના થશે. આજે રાષ્ટ્રપતિ હિસારમાં ગુરુ જંભેશ્વર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. ત્યારબાદ તેઓ બ્રહ્માકુમારીઓ દ્વારા સંસ્થાની સુવર્ણ જયંતિ ઉજવણી પ્રસંગે રાજ્ય સ્તરીય અભિયાન 'સંપૂર્ણ સુખાકારી માટે આધ્યાત્મિક શિક્ષણ' શરૂ કરશે.

આવતી કાલે રાષ્ટ્રપતિ ભટીન્ડામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ પંજાબ અને એઇમ્સનાં દિક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંજે તેઓ મોહાલીમાં પંજાબ સરકાર દ્વારા આયોજિત નાગરિક સન્માન સમારોહમાં ઉપસ્થિત રહેશે. બુધવારે તેઓ ચંદીગઢમાં પંજાબ યુનિવર્સિટીના દિક્ષાંત સમારોહમાં હાજર રહેશે.

. . . . . . . . . . . . . . . .

# JAL SHAKTI – GANGA

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે કહ્યું કે, ગંગાનું પાણી શુદ્ધ છે અને ગંદુ નથી. સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા શ્રી પાટીલે કહ્યું કે, કેટલાક લોકો ગંગાના પાણીની શુદ્ધતા અંગે ગેરસમજ ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

**(BYTE C R PATIL)**

ઉલ્લેખનીય છે કે, મહાકુંભ 2025 દરમિયાન કેટલાંક નેતાઓએ ગંગા નદીના પ્રદૂષણનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તેનું પાણી પીવાલાયક ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

. . . . . . . . . . . . . . .

# REV. INDIA-ANTI DMPING-CHINA-JAPAN

ભારતે સ્થાનિક ઉદ્યોગોના રક્ષણ માટે ચીન અને જાપાનથી આયાત કરાયેલા પાણી શુદ્ધિકરણ માટે વપરાતા રસાયણ પર પાંચ વર્ષ માટે પ્રતિ ટન 986 અમેરિકન ડોલર સુધીની એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદી છે. નાણા મંત્રાલયે એક જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે વાણિજ્ય મંત્રાલયની તપાસ શાખા અને ટ્રેડ રેમેડીઝના ડિરેક્ટોરેટ જનરલની ભલામણોને પગલે 'ટ્રાઇક્લોરો આઇસોસાયનુરિક એસિડ' પર ડ્યુટી લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ડિરેક્ટોરેટે તેની ભલામણોમાં જણાવ્યું કે, ચીન અને જાપાનથી ભારતમાં થયેલી આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગને ભૌતિક નુકસાન થયું છે. મંત્રાલયે

જણાવ્યું કે, વાજબી વેપાર સુનિશ્ચિત કરવા અને સ્થાનિક ઉદ્યોગને સમાન ક્ષેત્ર પૂરું પાડવા માટે એન્ટિ-ડમ્પિંગ પગલાં લેવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

## WCD MINISTER - UN VISIT

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીના નેતૃત્વમાં એક ભારતીય પ્રતિનિધિમંડળ આજથી ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં શરૂ થઈ રહેલા કમિશન ઓન ધ સ્ટેટસ ઓફ વુમન (CSW) ના 69મા સત્રમાં ભાગ લેશે.

મહિલા અને બાળ વિકાસ (WCD) મંત્રી આ સત્રમાં રાષ્ટ્રીય નિવેદન આપશે અને મંત્રી સ્તરીય ગોળમેજીમાં ભાગ લેશે, જેમાં ભારત સરકારની તમામ મહિલાઓ અને છોકરીઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે પથદર્શક અને પરિવર્તનશીલ પહેલો પર પ્રકાશ પાડવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# VANUATU - LALIT MODI

વનુઆતુના પ્રધાનમંત્રી જોથમ નાપટે નાગરિકતા આયોગને ઇન્ડિયન પ્રીમિયર લીગના IPL નાં ભૂતપૂર્વ વડા લલિત મોદીને જારી કરાયેલા વનુઆતુ પાસપોર્ટ રદ કરવાનો આદેશ આપ્યો છે.

મોદી અંગે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મીડિયામાં થયેલા ખુલાસાઓ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ, ભારતના વિદેશ મંત્રાલયેન પુષ્ટિ આપી કે, મોદીએ લંડન સ્થિત ભારતીય ઉચ્ચાયોગમાં પોતાનો ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરવા માટે અરજી કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, વિનંતીની સમીક્ષા હાલના નિયમો અને પ્રક્રિયાઓ અનુસાર કરવામાં આવશે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે, ભારતના કાયદા દ્વારા જરૂરી હોય તેમ મોદી સામે કાનૂની કાર્યવાહી ચાલતી રહેશે.

લલિત મોદી IPLના વડા તરીકેના કાર્યકાળ દરમિયાન કરોડો રૂપિયાની ઉચાપત કરવાના આરોપમાં ભારતીય અધિકારીઓ દ્વારા વોન્ટેડ છે. તેમણે 2010 માં ભારત છોડી દીધું અને ત્યારથી તેઓ લંડનમાં રહે છે. તેમણે દક્ષિણ પેસિફિકમાં આવેલા નાના ટાપુ રાષ્ટ્ર, વનુઆતુનું નાગરિકત્વ મેળવ્યું હોવાનું જાણીતું છે.

. . . . . . . . . . . . . . .

# ACCIDENT

ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં બે અલગ અલગ અકસ્માતમાં બાર વ્યક્તિઓના મોત થયા છે અને 16 વ્યક્તિઓ ઇજાગ્રસ્ત થયા છે..

મધ્યપ્રદેશના સિધી જિલ્લામાં ટ્રક અને એસયુવી વચ્ચેનાં અકસ્માતમાં સાત વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને 13ને ઇજા થઈ છે. કેટલાંક ઇજાગ્રસ્તો ગંભીર સ્થિતિમાં છે. મૃતકોમાં પાંચ મહિલા અને ત્રણ પુરુષોનો સમાવેશ થાય છે. મોટા ભાગના મૃતકો સગાઓ હતા અને એક કાર્યક્રમમાં જઈ રહ્યા હતા.

અકસ્માતની અન્ય એક ઘટનામાં ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લાના નગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રાષ્ટ્રીય ધોરીમાર્ગ 27 પર થયેલાં એક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. અકસ્માતમાં ઘાયલ થયેલા ત્રણ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.કારમાં સવાર લોકો ગુજરાતથી બિહાર અને ગોરખપુર જઈ રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# IMD-WEATHER.RTF

હવામાન વિભાગે આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. બીજી તરફ આગામી બે દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને ગુજરાતમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે.

કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ગરમ અને ભેજવાળા હવામાનની શક્યતા છે. આગામી 3 થી 4 દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસ વધવાની આગાહી કરાઇ છે.

. . . . . . . . . . . . . . . .

# WPL-CRICKET.RTF

મહિલા પ્રીમિયર લીગ-WPL ક્રિકેટમાં મુંબઈ ઈન્ડિયન્સ આજે ગુજરાત જાયન્ટ્સ સામે રમશે.

આ મેચ મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. મુંબઈ અને ગુજરાત બંને દિલ્હી કેપિટલ્સ સાથે પ્લેઓફમાં સ્થાન મેળવી ચૂક્યા છે. ટોચ પર રહેનાર ટીમ ફાઇનલમાં સીધો પ્રવેશ મેળવશે. દિલ્હી કેપિટલ્સ હાલમાં 10 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે જ્યારે ગુજરાત બીજા સ્થાને છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને યુપી વોરિયર્સ પહેલાથી જ સ્પર્ધામાંથી બહાર થઈ ગયા છે.

. . . . . . . . . . . . . . . .

# ROHIT RETIERMENT CLARIFICATION

ગઇકાલે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારતે ન્યૂઝીલેન્ડને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ જીત્યા બાદ, સુકાની રોહિત શર્માએ પોતાની

કારકિર્દીને લગતી અટકળોનો અંત લાવતા સ્પષ્ટ શબ્દોમાં નિવૃત્તિ લેવાનો ઇન્કાર કર્યો હતો.

ભારતને ચાર આઈસીસી ટ્રોફી ફાઇનલમાં પહોંચાડનાર અને બે ટાઇટલ જીતનાર આ દિગ્ગજ બેટ્સમેને આત્મવિશ્વાસ સાથે આ જાહેરાત કરી હતી. તેના ક્રિકેટ કારકિર્દીના ભવિષ્ય વિશે કોઈ ગેરસમજ ન થાય તે માટે ફાઇનલ બાદ યોજાયેલી મીડિયા કોન્ફરન્સ પછી, તેણે આ જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . .

# NEW ZEALAND PM VISIT

ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન આ મહિનાની 16મી તારીખથી ભારતની પાંચ દિવસની મુલાકાતે આવશે.

તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ રહેશે, જેમાં મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, મીડિયા પ્રતિનિધિઓ અને ભારતીય સમુદાયના સભ્યોનો સમાવેશ થશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, મુલાકાત દરમિયાન, લક્સન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે, જેમાં ભારત-ન્યુઝીલેન્ડ સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા થશે.

શ્રી લક્સન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. પ્રધાનમંત્રી લક્સન મુંબઈની મુલાકાત લેશે, જ્યાં તેઓ ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . .